# બાજ ગેંગનો લીડર શકીલ શેખ જબ્બે કરવામાં પોલીસને સફળતા

બાયડ, હિંમતનગર (બ્યુરો ઓફિસ) તા.૦૩

સાબરકાંઠા જિલ્લામાં વાહન ચોરોએ છેલ્લા ૪ વર્ષથી પોલીસની ઉંઘ હરામ કરી નાખી હતી. વાહન ચોરીના ગુનામાં બાજ ગેંગની સંડોવણી હોવાનું બહાર આવ્યું હતું ત્યારે સાબરકાંઠા એલ.સી.બી.ની ટીમે બાતમી આધારે હિંમતનગર નજીકથી બાજ ગેંગના લીડર શકીલ શેખ, તેના સાગરીતોને દબોચી લીધા છે. તેમની પાસેથી ઉત્તર ગુજરાત તેમજ રાજસ્થાનના વિવિધ વિસ્તારોમાંથી ચોરાયેલાં પર મોટરસાયકલ સહિત રૂા.૧૩,૭૦,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરાયો છે. પોલીસે જપ્ત કરેલી મોટરસાયકલથી સ્થળ ઉપર જાણે કે વાહનનો શો રૂમ ઉભો કર્યો હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા હતા.

પ્રાપ્ત જાણકારી અનુસાર પરપ્રાંતિય બાજ ગેંગ સાબરકાંઠા ઉપરાંત ઉત્તર ગુજરાતના અન્ય જિલ્લાઓ સહિત રાજ્ય અને આંતરરાજ્યમાં વાહન ચોરીના ગુનામાં સંડોવાયેલી હતી. ઉત્તર ગુજરાતમાં વાહન ચોરીના બનાવો વધતાં પોલીસની કામગીરી સામે માછલાં ધોવાઈ રહ્યાં હતાં જેથી પોલીસ પણ વાહન ચોરીના ગુનાથી ત્રસ્ત બની હતી. પરંતુ પોલીસે હિંમત હાર્યા વગર વાહન ચોર બાજ ગેંગને ઝડપી લેવા માટે તમામ બાતમીદારોને કામે લગાડ્યા હતા જેમાં સાબરકાંઠા એલ.સી.બી. પી.આઈ., એમ.ડી.ચંપાવતને બાતમી મળી હતી કે રાજસ્થાન સહિત ઉત્તર ગુજરાતમાં મોટરસાયકલ ચોરનારી બાજ ગેંગનો મુખ્ય સૂત્રધાર શકીલખાન શેખ તેના અન્ય ૩ સાગરીતો સાથે નંબર વગરની બે મોટરસાયકલ લઈ ઈડર થી હિંમતનગર આવી રહ્યો છે.

બસ આ બાતમી મળતાં જ એલ.સી.બી.ની ટીમે તમામ કામ પડતા મૂકી હાઈવે ઉપર વકતાપુરના સાંઈબાબા મંદિર નજીક વોચ ગોઠવી હતી જે સમય દરમ્યાન બાતમી આધારી નંબર વગરની બે મોટરસાયકલ જોવા મળતાં બાજ ગેંગનો મુખ્ય લીડર શકીલખાન રફીકખાન શેખ(રહે.મસ્જીદ પાછળ, કોટડાછાવણી, રાજસ્થાન)મળી આવ્યો હતો અને ત્યારબાદ પોલીસે તેના અન્ય ૩ સાગરીતોને વડામથકે લાવી યોગ્ય સરભરા કરી હતી. પોલીસની પૂછતાછમાં મુખ્ય સૂત્રધાર બાજ ચકલી બન્યો હોય તેમ તમામ ગુના કબુલી લીધા છે. જે આધારે પોલીસને પર વાહનોની ચોરીનો ભેદ ઉકેલવામાં સફળતા મળી હતી.

### ઝડપાયેલ આરોપીઓ..

શકીલખાન રફીકખાન શેખ (રહે.મસ્જીદ પાછળ, કોટડાછાવણી, રાજસ્થાન)
નરેશ નાથુભાઈ શંકરભાઈ મેઘવાલ (રહે.છીપાલા, તા.ઘોઘુંદા, જિ.ઉદેપુર)
ગોમારામ પનિયારામ બુબડીયા(રહે.કુકાવાસ, તા.કોટડા)
રમેશકુમાર બતીયાભાઈ જુમાભાઈ નાગોતર (રહે.ઉપલીસુબરી પોસ્ટ, કોટડા-રાજસ્થાન)

### સાબરકાંઠા એલ.સી.બી.નો બાજ ગેંગ ઉપર "અંકુશ", ચોરાયેલ પર મોટરસાયકલ જપ્ત : મુખ્ય સૂત્રધાર સહિત ૪ સાગરીતોની અટકાયત






### કયા વિસ્તારોમાં વાહન ચોરીને અંજામ આપ્યો

સાબરકાંઠા એલ.સી.બી.એ વાહન ચોરીમાં સંડોવાયેલા બાજ ગેંગના મુખ્ય સૂત્રધાર સકીલખાન શેખને અન્ય ૩ આરોપીઓ સાથે દબોચી લીધા પછી પૂછપરછ હાથ ધરતાં તેને રાજસ્થાનના અલગ અલગ જિલ્લા, શહેરો તેમજ સાબરકાંઠા, મહેસાણા, બનાસકાંઠા ઉપરાંત રાજસ્થાનના ઉદેપુર, નાથદ્વારા, પીંડવાડા, સ્વરૂપગંજ, રોહીડા, અંબા માતા વગેરે વિસ્તારોમાંથી બાઈકોની ઉઠાંતરી કર્યાનું સ્વીકાર્યુ છે. જો કે તપાસ દરમ્યાન ગેંગનાં વધુ કારસ્તાન પણ બહાર આવી શકે છે.

### સાબરકાંઠા એલ.સી.બી.ની સર્જીકલ સ્ટ્રાઈકથી વાહન ચોરો સ્તબ્ધ

બાયડ : છેલ્લા કેટલાય સમયથી સાબરકાંઠાના હિંમતનગર, ઈડર, ખેડબ્રહ્મા, વિજયનગર, તલોદ, પ્રાંતિજ પોલીસ સ્ટેશનની હદમાં વાહન ચોરોએ આતંક મચાવ્યો હતો. એકાદ-બે લબરમૂછીયા વાહન ચોર પકડાયા પરંતુ વાહન ચોરીના ગુના અટકવાનું નામ લેતા ન હતા. ત્યારે સાબરકાંઠા એલ.સી.બી. પી.આઈ., એમ.ડી.ચંપાવત અને તેમની ટીમે ગત રોજ વાહન ચોરીની કીંગ ગણાતી બાજ ગેંગના મુખ્ય સૂત્રધારને ઝડપી એક પ્રકારની સર્જીકલ સ્ટ્રાઈક કરતાં વાહન ચોરો સ્તબ્ધ થયા છે. બાજ ગેંગનો મુખ્ય સૂત્રધાર ઝડપાતાં જિલ્લામાં વાહન ચોરીના ગુના ઉપર અંકુશ આવશે.

### વોન્ટેડ આરોપીઓ..

બાદલ લાલીયાભાઈ ગમાર(રહે.બુઝા, રાજસ્થાન)
સુરેશ પરેશરામ (રહે.થલા, રાજસ્થાન)
રાજુ અણદા બુબડીયા(રહે.કુકાવાસ, રાજસ્થાન)
લસણ શાન્તિયા(રહે.કોટડાછાવણી, રાજસ્થાન)

## સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણી : જિલ્લામાં અપક્ષ ચૂંટણી લડનારાઓ માટે ૧૯૯ ચૂંટણી પ્રતિક

### અપક્ષ ઉમેદવારે ફોર્મની સાથે ૩ મુક્ત પ્રતિકોની પસંદગી કરવી પડશે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૩

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની કુલ-૪૫૮ બેઠક માટે સ્થાનિક સ્વરાજ્યનો ચૂંટણી જંગ જામી રહ્યો છે. ચૂંટણી દરમ્યાન અપક્ષો અનેક રાજકીય પક્ષો અને ઉમેદવારનું ગણિત બગાડી શકે છે ત્યારે જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકા વિસ્તારમાં અપક્ષ ચૂંટણી લડનારા ઉમેદવારો માટે રાજ્ય ચૂંટણીપંચ દ્વારા કુલ-૧૯૯ ચૂંટણી પ્રતિક ફાળવવામાં આવ્યાં છે. જેમાં ડોલ, કેક, કુકર, આદુ, દ્રાક્ષ, લંચબોક્સ, કાતર, મગફળી, અખરોટ, માઉસ વગેરે પ્રતિક પણ મળી શકે છે.

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લા પંચાયતની કુલ-૩૬ બેઠક, તાલુકા પંચાયતની ૩૦૦ બેઠક, હિંમતનગર, બાયડ, મોડાસા, વડાલી પાલિકાની કુલ-૧૨૦ બેઠક અને તલોદ પાલિકાની ૨ બેઠકની પેટાચૂંટણી માટે ભાજપ-કોંગ્રેસ દ્વારા ઉમેદવારોની પસંદગી લગભગ પૂરી કરી છે. નામો જાહેર થયા પછી બંન્ને રાજકીય પક્ષોમાં ક્યાંક ને ક્યાંક અસંતોષની આગ ભભૂકવાની સંભાવના છે. પ્રદેશ ભાજપ પાર્લામેન્ટ્રી બોર્ડ દ્વારા ૬૦ વર્ષથી ઉપરના અને સતત ૩ ટર્મ ચૂંટાયેલા સભ્યોને રીપીટ નહીં કરવાનો નિર્ણય કરાયા પછી છૂપો અસંતોષ ચર્ચાના સ્વરૂપમાં સામે આવ્યો છે પરંતુ મોટાભાગના કાર્યકરોએ આ નિર્ણયને યોગ્ય ગણાવી હવે નવલોહીયાઓને તક મળવી જોઈએ તેવો સૂર પ્રગટ કરી રહ્યા છે ત્યારે જિલ્લા ચૂંટણી શાખા દ્વારા મતદાન મથકોમાં કામગીરી કરનારા સ્ટાફને તાલીમ તેમજ સંવેદનશીલ, અતિસંવેદનશીલ મતદાન મથકોનું પૃથ્થકરણ શરૂ કર્યું છે. ત્યારે ચૂંટણીપંચ દ્વારા અપક્ષ ચૂંટણી લડતા ઉમેદવારો માટે ૧૯૯ જેટલાં મુક્ત પ્રતિકની પસંદગી કરી છે. ફળ-ફુલની પણ પ્રતિક તરીકે ફાળવણી થઈ છે. તદ્ઉપરાંત રસોડામાં ઉપયોગમાં લેવાતાં કેટલાંક વાસણો સહિત જીવન જરૂરી ચીજવસ્તુઓને પ્રતિક તરીકે ફાળવવાનો નિર્ણય કરાયો છે. ટૂંકમાં આ વખતે અપક્ષ ઉમેદવારોને લગભગ મનપસંદ હોય તેવા ચૂંટણી પ્રતિક મળી શકે છે.

# તળાવ, ચેકડેમ સૂકાતાં નિરાશા પરંતુ જળાશયો સંજીવની બન્યા

### જિલ્લાના જળાશયોમાં પાણીનો સરેરાશ ૫૬ ટકા જથ્થો, ઉનાળા સુધી રાહત : ૧૩ પૈકી ૮ જળાશયોમાં ૬૦ ટકાથી વધુ પાણીનો જથ્થો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૩

બૃહદ સાબરકાંઠા જિલ્લામાં ચેકડેમ સૂકાયા છે, તળાવો ખાલીખમ થઈ રહ્યા છે. જેથી મૂંગા પશુઓના પીવાના પાણીની સમસ્યાએ માલધારીઓને ચિંતિત કર્યા છે પરંતુ અત્યારે જળાશયો સંજીવની બન્યાં છે. જિલ્લાના જળાશયોમાં પાણીનો સરેરાશ ૫૬.૫૧ ટકા જથ્થો છે જેના કારણે ખેડૂતોને ઉનાળામાં સિંચાઈનાં પાણી આપવા છતાં પણ સંલગ્ન જૂથ યોજનાઓને પાણીની કોઈ અછત નહીં સર્જાય તેવો દાવો કરાયો છે. જિલ્લાના હરણાવ ડેમમાં સર્વાધિક ૬૬.૨૦ ટકા, મેશ્વો ૬૫ ટકા, વાત્રક-વરાંસીમાં ૬૨ ટકા પાણીનો જથ્થો રક્ષિત હોવાનું વિભાગના સૂત્રોએ જણાવ્યું છે.



પાણીનું મૂલ્ય જે વિસ્તારોમાં અછત છે ત્યાંની પ્રજા સારી રીતે સમજે છે. સાબરકાંઠા, અરવલ્લીમાં વર્ષ-૧૯૮૭ થી ૯૦ સુધીના દુષ્કાળમાં પાણીની કેવી વિકટ સમસ્યા હતી. ઠેર ઠેર પીવાના પાણી માટે ટેન્કર દોડાવવામાં આવતા હતા તે દ્રશ્યો અત્યારના ૫૦ વર્ષની વય વટાવી ચૂકેલા લોકોની નજર સમક્ષ આવી જતાં ક્યાંક પાણીનો વેડફાટ થતો હોય તો નળ બંધ કરવાનો વિવેક દર્શાવે છે. પરંતુ વર્તમાન પેઢી પાણીનો બગાડ થતો હોય તો પણ પાણીનું મૂલ્ય યોગ્ય રીતે સમજતા નથી તે બાબત ચિંતા ઉપજાવનારી છે. પાણીનું મૂલ્ય સમજવું જોઈએ, પાણીનો કરકસરથી ઉપયોગ કરવો જોઈએ પરંતુ જિલ્લાના અનેક શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં પાણીનો ખોટો વેડફાટ અનેક લોકોને હચમચાવી રહ્યો છે. જિલ્લાના મોટાભાગના ચેકડેમ ખાલીખમ થઈ ગયા છે. તળાવોમાં પણ હવે ૨૦ ટકા તળાવોને બાદ કરતાં ૮૦ ટકા તળાવોમાં આચમનરૂપ પાણી બચ્યું છે. ફેબ્રુઆરીના અંતમાં અનેક તળાવો ક્રિકેટ રમવાના મેદાનમાં ફેરવાઈ શકે છે. ત્યારે ખાલીખમ થયેલા તળાવ, ચેકડેમ ભરવા સરકાર સમક્ષ રજૂઆત થઈ છે પરંતુ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનું ગ્રહણ લાગ્યું છે. આવા સમયે જિલ્લાના મોટા જળાશયો સંજીવનીરૂપ બની શકે છે. જિલ્લાના ૧૩ પૈકી ૮ જળાશયોમાં ૬૦ ટકાથી વધુ પાણીનો જથ્થો સંગ્રહીત થયેલો છે તે જોતાં હવે શિયાળુ ખેતી માટે એકાદ-બે પાણ અપાયા પછી ઉનાળુ ખેતી માટે ખેડૂતોને ૪ થી ૫ પાણ અપાય તેવું પાણીનું સમૃદ્ધ ચિત્ર સામે આવ્યું છે. વાત્રક, મેશ્વો, હરણાવ અને માઝૂમ જળાશયમાંથી કેનાલ મારફતે ખેડૂતોને દર વર્ષે સિંચાઈ માટે પાણી અપાય છે અને ૫૦ હજાર હેકટરથી વધુ જમીનને પિયતનો લાભ મળે છે.

#### જિલ્લામાં જળાશયની સ્થિતિ

| જળાશય | પાણીની સપાટી | ટકાવારી |
|---|---|---|
| વાત્રક | ૧૩૩.૫૬ | ૬૨.૦૦ |
| ગુહાઈ | ૧૬૭.૨૩ | ૨૩.૩૬ |
| માઝૂમ | ૧૫૫.૮૪ | ૭૨.૦૦ |
| હાથમતી | ૧૭૮.૯૮ | ૬૯.૬૧ |
| લાંક | ૧૦૭.૬૭ | ૧૧.૭૮ |
| જવાનપુરા | ૯૦.૫૦ | ૮૪.૫૮ |
| હરણાવ | ૩૨૮.૭૬ | ૬૬.૨૦ |
| મેશ્વો | ૨૧૧.૪૩ | ૬૫.૦૦ |
| વૈડી | ૧૯૬.૭૨ | ૫૬.૬૦ |
| ખેડવા | ૨૫૬.૧૦ | ૪૮.૩૯ |
| વરાંસી | ૮૦.૧૦ | ૬૨.૧૩ |

## રામ જન્મ ભૂમિ મંદિર નિર્માણ : ડેમાઈ ગ્રામ પંચાયતના ઉપસરપંચનું ૧,૧૧,૧૧૧નું સમર્પણ

### બાયડ તાલુકામાં મંદિર નિર્માણ માટે પ્રજાનો મળતો અમૂલ્ય સહયોગ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૩

ભગવાન રામનું મંદિર તેમની જન્મભૂમિ અયોધ્યામાં નિર્માણ થઈ રહ્યું છે ત્યારે રામ જન્મભૂમિ મંદિર નિર્માણ માટે નીધી સમર્પણ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. બાયડ તાલુકામાં રામ જન્મભૂમિ મંદિર નિર્માણ માટે ગામે ગામ પ્રજા, વેપારીઓ, ઉદ્યોગકારો, શ્રમજીવીઓનો અમૂલ્ય સહયોગ મળી રહ્યો છે ત્યારે બાયડ તાલુકાની ડેમાઈ ગ્રામ પંચાયતના ઉપસરપંચ સમીરભાઈ મનહરભાઈ પટેલ(એસ્સાર પેટ્રોલ પંપ-ડેમાઈ) દ્વારા રૂા.૧,૧૧,૧૧૧ સમર્પણ નીધીમાં ચેક દ્વારા આપવામાં આવ્યા હતા. શ્રી રામ જન્મભૂમિ મંદિર નિર્માણ નીધી સમર્પણની કામગીરી કરતા સૌએ પટેલ પરિવારની ભાવનાને જાહેરમાં બિરદાવી હતી.



## નિલગાયની રોડ ઉપર દોડાદોડથી વધુ એક જીંદગી હોમાઈ

### કારમાં મુસાફરી કરતા ૩ જણ ઈજાગ્રસ્ત, સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા

સાઠંબા, તા.૦૩

બાયડ તાલુકાના તાલોદ નજીક રોડ ઉપર નિલગાય આવતાં કારચાલકે નિલગાયને બચાવવા બ્રેક મારતાં કાર ગુલાંટ ખાઈને ચોકડીમાં ખાબકતાં કારમાં બેઠેલ રાધાબેન ઝાલા (રહે. વાલાનીમુવાડી, તા.બાયડ)નું ગંભીર ઈજાથી મોત નિપજ્યું હતું. જ્યારે કારમાં બેઠેલ ૩ જણને ઈજા પહોંચતાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

બાયડ તાલુકાના અનેક વિસ્તારોમાં નિલગાયનો પ્રકોપ હાવિ થઈ ગયો છે. વન વિભાગ દ્વારા નિલગાય પ્રભાવિત વિસ્તારના બોર્ડ લગાવી માત્ર સંતોષ માનવામાં આવે છે. જેના કારણે નાના-મોટા વાહનો સાથે નિલગાય ટકરાઈ પડતાં દર વર્ષે અડધો ડઝનથી વધુ લોકો બાયડ તાલુકામાં મોતના મુખમાં ધકેલાઈ રહ્યા છે. વાલાનીમુવાડી ગામના વિક્રમ બાબુભાઈ ઝાલા કાર લઈ બાયડ-સાઠંબા રોડ ઉપર તાલોદ ગામના પાટીયા પાસેથી પસાર થઈ રહ્યા હતા તે સમયે આગળ જતી ઉંટલારીની પાછળ અચાનક નિલગાય આવી જતાં કાર બ્રેક મારી હતી જેના કારણે કાર ઉપરનો કાબુ ગુમાવતાં ગુલાંટ ખાઈ ચોકડીમાં ખાબકતાં કારમાં બેઠેલ મહિલાનું ગંભીર ઈજાથી મોત નિપજ્યું હતું. જ્યારે તારાબેન પ્રવિણસિંહ ઝાલા, દેવરાજ વિક્રમભાઈ ઝાલા અને આદિત્ય પ્રવિણભાઈ ઝાલાને ઈજા થતાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા છે.



## જિલ્લામાં ટેકાના ભાવે ચણા વેચવા ૧૭૦૦ ખેડૂતોની નોંધણી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૩

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં તા.૧ ફેબ્રુઆરીથી સરકાર દ્વારા ટેકાના ભાવે ચણા ખરીદવા ખેડૂતોની નોંધણી શરૂ થઈ છે. આ વર્ષે બંન્ને જિલ્લામાં ૧૬,૫૧૧ હેક્ટર જમીનમાં ચણાનું વાવેતર થયુંછે જેમાં ૩ દિવસની નોંધણી દરમ્યાન કુલ-૧૭૬૪ ખેડૂતોએ નોંધણી કરાવી છે. ચણાની ખરીદી માટે તા.૧૫ ફેબ્રુઆરી સુધી નોંધણી ચાલશે તેમ જિલ્લા પુરવઠા વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું છે. જિલ્લામાં ટેકાના ભાવે ચણાની નોંધણી દરેક ગ્રામ પંચાયતોમાં વી.સી.ઈ. દ્વારા કરવામાં આવી રહી છે. સાબરકાંઠા અનેઅરવલ્લી જિલ્લાના અંતરીયાળ વિસ્તારોમાં ખેડૂતોએ આ વર્ષે ચણાના વાવેતર ઉપર વધુ ધ્યાન કેન્દ્રીત કર્યું જેમાં સૌથી વધુ અરવલ્લી જિલ્લામાં ૧૪,૩૪૦ હેક્ટર જમીનમાં ચણાનું વાવેતર થયું છે.

# અરવલ્લીમાં વાહનની ટક્કરે દિપડાનું મોત, ફોટા વાયરલ થયા

### વન વિભાગ ધંધે લાગ્યું, આખરે ખબર પડી કે ફોટા અન્ય વિસ્તારના છે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૩

દિપડાની સતત હાજરી જોવા મળે છે તેવા અરવલ્લી જિલ્લામાં માલપુર તાલુકાના નાથાવાસ નજીક વાહનની ટક્કરે દિપડાનું મોત નિપજ્યાના ફોટા વાયરલ થતાં છેલ્લા ૧૨ કલાકથી વન વિભાગ ધંધે લાગ્યું હતું. સોશ્યલ મીડીયામાં વાયરલ થયેલા ફોટા અંગે તપાસ કર્યા પછી તે અન્ય વિસ્તારના હોવાનું બહાર આવ્યું ત્યારે વિભાગે હાશ અનુભવી હતી.

જિલ્લામાં ભિલોડા થી સાઠંબા સુધીના વિસ્તારોમાં દિપડાની સતત હાજરીના પુરાવા મળ્યા છે. ગાબટ ગામમાં તો દિપડાએ એક વ્યક્તિ ઉપર હુમલો કર્યો હતો અને ફરાર થયો હતો જેમાં વન વિભાગની દેખીતી બેદરકારીથી પરિવાર સાથે ફરતો દિપડો પાંજરે પુરાયો ન હતો ત્યારથી અત્યાર સુધી દિપડો જોવા ન મળતાં સાંજ ઢળતાં જ સીમાડા સૂમસામ થઈ જાય છે અને સવારે સૂર્યના કિરણો જમીન ઉપર પ્રકાશ પાથરે પછી ખેડૂતો ખેતરમાં ખેતી કામ માટે જઈ રહ્યા છે ત્યારે ગત રોજ રાત્રિ દરમ્યાન સોશ્યલ મીડીયામાં રોડ ઉપર મોતને ભેટેલા દિપડાનો ફોટો વાયરલ થયો હતો. દુર્ઘટના માલપુર તાલુકાના નાથાવાસ નજીક બની હોવાની વિગતો અત્ર, તત્ર, સર્વત્ર સોશ્યલ મીડીયા ગૃપમાં પ્રસરતાં વન વિભાગના અધિકારીઓ એકબીજાને પૃચ્છા કરવા માટે સતત મોબાઈલ રણકાવતા જોવા મળ્યા પરંતુ મોંડે મોંડે વિગતો બહાર આવી કે સોશ્યલ મીડીયામાં દિપડાના મોતના જે ફોટા વાયરલ થયા છે તે અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના છે તેવી જાણકારી મળ્યા પછી છેલ્લા ૧૨ કલાકથી ધંધે લાગેલા વન વિભાગને રાહત મળી હતી.

## ડીસા ઉત્તર પોલીસ મથકે બીજા તબક્કાનું કોરોના રસીકરણ

સમગ્ર જિલ્લામાં કોરોના વેક્સીનના રસીકરણનો બીજો તબક્કાનો પ્રારંભ કરવામાં આવ્યો છે, જેમાં ફ્રન્ટલાઈન કોરોના વોરીયર્સને કોરોના વેક્સીન આપવાની કામગીરી કરવામાં આવી રહી છે. જેમાં પોલીસ કર્મીઓ અને મહેસુલ કર્મીઓને રસી આપવાની શરૂઆત રવિવારથી કરવામાં આવી છે. જેના ભાગરૂપે ડીસા તાલુકાના ઉત્તર પોલીસ મથકમાં આવેલ પોલીસલાઈનમાં કોરોના વેક્સીન આપવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. સૌપ્રથમ ડીસા ઉત્તાર પોલીસમથકના પી.આઈ. અને પી.એસ.આઈ.થી વેક્સિન આપવાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ પોલીસકર્મીઓને કોરોના રસી આપવાની શરૂઆત કરવામાં આવી હતી.

## તક્ષશિલા વિદ્યા કેમ્પસ (સ્વનિર્ભર), બાયડ

બસ ડેપો પાસે, અમદાવાદ રોડ, મુ. તા. બાયડ, જિ. અરવલ્લી

### ઓપન ઈન્ટરવ્યુ

તક્ષશિલા વિદ્યાલય(સ્વનિર્ભર) કેમ્પસ-૨, બાયડ, જિ.અરવલ્લીને નીચે મુજબના સ્ટાફની જરૂરીયાત છે.

ઈન્ટરવ્યું તા. ૦૭-૦૨-૨૦૨૧, રવિવાર
સમય સવારે ૧૦-૦૦ થી ૧-૦૦

ભરવાની જગ્યાઓ..

| વિષય | | વિષય | |
|---|---|---|---|
| ગણિત | : ૦૨ | હિન્દી | : ૦૨ |
| વિજ્ઞાન | : ૦૨ | એકાઉન્ટ | : ૦૨ |
| અંગ્રેજી | : ૦૨ | સ્ટેટ | : ૦૨ |
| સંસ્કૃત | : ૦૨ | બીએ | : ૦૨ |
| ગુજરાતી | : ૦૩ | ઈકોનોમિક્સ | : ૦૨ |
| ગૃહપતી | : ૦૪ | SP & CC | : ૦૨ |

ડ્રાઈવર : ૦૧ : સ્કુલ બસ (પર સીટેડ) ચલાવી શકે તેવા.

ઈચ્છુક ઉમેદવારોએ સંપૂર્ણ બાયોડેટા તથા એક પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફ સાથે સ્વખર્ચે રૂબરૂ હાજર રહેવું.

મેનેજીંગ ટ્રસ્ટીશ્રી,
અતુલભાઈ બી. પટેલ
મો.૯૦૯૯૯૨૨૪૦૦, ૯૦૯૯૮૨૨૪૦૦